**ક્રિમીનલ કેસ નં.૦૨/૨૦૧૮**

દા.તા :૨/૧/૨૦૧૮

નો. તા:૨/૧/૨૦૧૮

ફેસલ તા:૨૫/૧/૨૦૧૮

| સમય અવધી: | માસ | દિવસ | વર્ષ |
|---|---|---|---|
| | ૦૦ | ૨૩ | ૦૦ |

સાંણદના મહે.એડીશનલ સિવિલ જજ અને જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમા.

**ક્રિમીનલ કેસ નં.૦૨/૨૦૧૮**

આંક:-૯

ફરિયાદી:- શ્રી સરકાર.

વિ.

આરોપી:- રણજીતકુમાર કલુરામ ગૌતમ
રહે. મલાક ગામ, પ્રતાપગઢ, પટી.

ફરિયાદી તરફે: વિ.એ.પી.પી. શ્રી મહેતા

આરોપી તરફે: વિ.વ.શ્રી એસ.કે. સોલંકી.

ગુનો: ઈ.પી.કો.ક:૨૭૯ તથા એમ.વી.એ.ક. ૧૭૭,૧૮૪મુજબ..

**-:ચૂકા દો :-**

ફરિયાદી પક્ષના કેસની ટૂંકી વિગત નીચે મુજબની છે.

૧. આ કામના આરોપીએ બનાવની તારીખે સમયે અને સ્થળે પોતાના કબજા ભોગવટાનુ વાહન પુર ઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાઈ તે રીતે હંકારી ગુનો કરી ઈ.પી.કો.ક:૨૭૯ તથા એમ.વી.એ.ક. ૧૭૭, ૧૮૪મુજબનો ગુનો કર્યા બાબતેની ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરનાર

અધિકારીએ કરેલ તપાસના અંતે સદરહુ ગુનાના મુજબનુ ચાર્જશીટ રજૂ કરેલ છે.

૨. સમન્સની પ્રક્રિયા દરમ્યાન આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેતા આરોપીને સી.આર.પી.સી.ની.ક: ૨૦૭ ની જોગવાઈઓને આધીન તમામ પોલીસ પેપર્સની નકલો અદા કરવામા આવેલી છે. ત્યારબાદ આંક:૪થી સદરહું ગુના વિશે આરોપીનુ નિવેદન નોંધેલ છે. તેમા આરોપીએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરલો છે, જેથી તેમની સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામા આવેલી છે.

૩. હાલનો ગુનો અને તેનો પ્રકાર ધ્યાને લેતા તે સમન્સ ટ્રાયેબલ ગુનો હોય કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલથી હાથ ધરવામા આવેલી છે.

૪. ફરિયાદી પક્ષ તરફે તેઓનો કેસ તેઓએ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે,અને સદરહું કામ ફરિયાદીના પુરાવા પર આવતા ફરિયાદી તરફે નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામા આવેલા છે.

**ફરિયાદી તરફે રજૂ મૌખિક પુરાવા :-**

| અ.ન. | વિગત | આંક/ નિશાની | સાક્ષીની વિગત |
|---|---|---|---|
| ૧. | પંચસાહેદ ભીખાભાઈ સુરાભાઈની જુબાની | ૫ | પંચ |
| ૨. | રુપાભાઈ મશરુભાઈ ની જુબાની. | ૭ | ત.ક.અ. |

**ફરિયાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવા :-**

| અ.ન. | વિગત | આંક/ નિશાની | તારીખ. |
|---|---|---|---|
| ૧. | પંચનામુ. | ૬ | - |
| ૨. | અસલ ફરિયાદ | ૮ | - |

આ સિવાય ફરિયાદી તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામા આવેલ નથી.

૫. ફરિયાદી પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રીએ મૌખિકમા રજુઆત કરેલી

છે કે, આ કામે રજૂ કરવામા આવેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણમા લેતા આ કામના આરોપીએ જ પોતાની પાસેનુ વાહન પુર ઝડપે ચલાવેલાનુ પુરવાર થાય છે,અને આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદી પક્ષ સફળ નિવડેલા છે અને તે સંજોગોમાં આરોપીને આ ગુનાના કામે કસુરવાર ઠરાવી યોગ્ય સજા કરવા વિનંતી કરેલી છે. વધુમા તેઓએ દલીલ કરેલી છે કે, હાલમા વાહન બેદકારીથી ચલાવવાના કારણે અકસ્માતના બનાવો ખુબ જ બનવા પામેલા છે,અને તેના કારણે ઘણા લોકોને વિના કારણે જીવન ગુમાવવુ પડેલ છે અથવા તો કાયમી અંપગતાનો ભોગ બનવુ પડેલ છે અને તેથી આવા પ્રકારના ગુના અટકાવવા માટે અને વાહન અન્ય લોકો પણ લોકોનુ જીવન જોખમમા ના મુકાય તે રીતે સલામતી રીતે ચલાવે તે કારણે પણ સમાજમા દાખલો બેસે તે સારુ હાલના આરોપી સામેનો કેસ પુરવાર કરવામા ફરિયાદી પક્ષ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી સફળ નિવડતા હોય તેથી તેઓને સખતમા સખત નસીયત કરવા અરજ કરેલી છે.

૬. જયારે આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલી છે તે જોતા આરોપી સામેનો આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલા નથી અને આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદો ફરી ગયેલા છે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થન મળતુ નથી અને તે સંજોગોમાં આરોપીને આ ગુનાના કામે નિદોર્ષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

૭. ફરિયાદ પક્ષની કેસની હકીકત,રેકર્ડ ઉપરનો પુરાવો, ધ્યાનમા લેતા સી.આર.પી.સી.ની ક: ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો હોવાથી ના હોવાથી તેઓનુ નિવેદન નોંધવામા આવેલ નથી.

૮. ફરિયાદ પક્ષના કેસની હકીકત, રેકર્ડ ઉપરનો પુરાવો, તેમજ બંને પક્ષકારો થકી કરવામા આવેલ દલીલો, ધ્યાનમા લેતા આ કામનો આખરી ન્યાયીક નિર્ણયસારુ મારા મંતવ્ય અનુસાર નીચે પ્રમાણેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:મુદ્દાઓ :

૧. શું ફરિયાદી પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ બનાવની તારીખે સમયે અને સ્થળે પોતાના કબજા ભોગવટાનુ વાહન પુર ઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાઈ તે રીતે હંકારી ગુનો કરી ઈ.પી.કો.ક:૨૭૯ તથા એમ.વી.એ.ક. ૧૭૭,૧૮૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શુ હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

–:નિર્ણય:–

૧. નકારમા.

૨. આખરી હુકમ મુજબ.

૧૦. ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે પ્રમાણેના છે.

કારણો:–

મુદ્દા નં.૧

૧૧. અત્રે મુદ્દા નં.૧ ની ચર્ચા કરતા અગાઉ એક હકીકતની ન્યાયીક નોંધ લેવી આ તબકકે ન્યાયોચીત માનુ છુ કે, ફોજદારી નીતી શાસ્ત્રમા એવુ જણાવવામા આવેલ છે કે, ફરિયાદી પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર

કરવાનો રહે છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની રહેતીનથી, આરોપીએ તો માત્ર પોતાને મળતો શંકાનો લાભ અપાવવા સારુ વ્યાજબી શંકા પરત્વે અંગુલી નિર્દેશ માત્ર કરવાનો રહે છે.આમ ઉપરોકત સિધ્ધાંતને ધ્યાનમા લઈ હવે નિર્ણય પરત્વેના કારણોની ચર્ચા હાથ ધરવામા આવે છે.

૧૨. આ કામે આરોપી સામેના આક્ષેપીત ગુના સંબધી ન્યાયીક નિર્ણય કરતા અગાઉ આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તે ઈ.પી.કો.ક. ૨૭૯ની વ્યાખ્યા, તથા તેના આવશ્યક તત્વો જોઈએ તો..

**ઈ.પી.કો.કલમ:- ૨૭૯.**

**સરિયામ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત...**

**''જો કોઈ વ્યકિત, માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થવાનો સંભવ હોય એવી બેફામ રીતે બેદરકારીથી સરચામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેંમાથી કોઈપણ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંને શીક્ષા કરવામા આવશે.''**

૧૩. ફરિયાદી પક્ષ તરફે તેઓનો કેસ તેઓએ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જો ફરિયાદી પક્ષ તરફે રજૂ કરવામા આવેલ પુરાવો જો એક સળંગ સાંકળની જેમ એક કડી બીજી કડીને સાંકળે તેવો પુરાવો રજૂ કરવામા આવે તો જ આરોપીની સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થઈ શકે અને તેથી ફરિયાદી પક્ષ તરફે રજૂ કરવામા આવેલ સમગ્ર પુરાવો જોતા આ કામે આંક:૬ થી રજુ પંચનામાના પંચ સાહેદ ભીખાભાઈ સુરાભાઈને સોંગદપર તપાસવામાં આવેલા છે અને આ

પંચ સાહેદ છે અને તેઓનો પુરાવો જોતા તેઓ જણાવે છે કે, પોલીસે તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ નથી,તેઓ આરોપીને ઓળખતા નથી, તેઓએ સહી કર્યા સિવાય બીજી કોઈ વિગત તેઓને ખબર નથી, આ સાહેદોની સરતપાસનો પુરાવો જોતા તેઓને વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે જયારે આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં પણ તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે તેઓની પોલીસે તૈયાર પંચનામામા સહી કરાવેલી, એ સ્વિાય બીજુ કાંઈ જાણતા નથી, પંચનામાવાળી જગ્યાએ તેઓ ગયેલા નથી, આમ આ પંચ સાહેદ અતિ મહત્વના સાહેદ છે અને તેઓનો પુરાવો જોતા ખરેખર તેઓની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ કે કેમ ? તે સંબધે શંકા કુશંકા ઉત્પન્ન થાય છે અને આ સાહેદો ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ના હોય તેઓના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

૧૪. વધુમાં ફરિયાદી તરફે આંક:૭ થી ગુનાની તપાસ કરનાર સાહેદ રુપાભાઈ મશરુભાઈને સોંગદપર તપાસવામાં આવેલા છે અને તેઓનો પુરાવો જોતા તેઓને આ ગુનાની ફરિયાદ આંક:૮ વાળી મળતા તેઓએ ગુનાના સંબધી લાગતા વળગતા સોહદોના નિવેદનો નોંધી આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલાનુ જણાવે છે, જયારે આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન કરતા નથી અને તેથી તપાસ કરનાર ધ્વારા કરવામાં આવેલ પંચનામાની કાર્યવાહી વિશે શંકા કુશંકા ઉત્પન્ન થાય છે, તેમજ આ સાહેદની સરતપાસનો પુરાવો જોતા તેઓએ તેમની ફરજના ભાગરુપે કામગીરી કરેલ હોવાનુ જણાય છે, જયારે આ સાહેદની આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી મારફતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને તેમા પણ

તેઓ કોઈ જ મહત્વની હકીકતે પુરાવો આપતા નથી. આ સિવાય ફરિયાદી પક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે જોતા આ ગુનાના કામે આરોપીને કસુરવાર ઠરાવવા માટે તેઓએ તેમની પાસેનુ વાહન પુરઝડપે ચલાવેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર થવુ જોઈએ જયારે આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદ ફરી ગયેલા છે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન કરાવેલ નથી અને તે સંજોગોમાં ફોજદારી નીતી શાસ્ત્રમા એવુ જણાવવામા આવેલ છે કે, ફરિયાદી પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે અને નિર્ણાયકપણે પુરવાર કરવાનો રહે છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની રહેતી નથી, આરોપીએ તો માત્ર પોતાને મળતો શંકાનો લાભ અપાવવા સારુ વ્યાજબી શંકા પરત્વે અંગુલી નિર્દેશ માત્ર કરવાનો રહે છે. આમ ન્યાય શાસ્ત્રની ઉપરોકત પરિસ્થિતિને ધ્યાનમા ફરિયાદી પક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ નિવડતા નાહોય તેના પરીણામ સ્વરૂપેમુદ્દા નં.૧ નો જવાબ નકારમા જાય છે અને નકારમા આપવામા આવે છે તેમજ મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## હુ ક મ

૧. આ કામના આરોપીરણજીતકુમાર કલુરામ ગૌતમ રહે. મલાક ગામ, પ્રતાપગઢ, પટી. ને ક્રિ.પ્રો.કો.કલમ.૨૫૫(૧)અન્વયેઈ.પી.કો. ક.૨૭૯,તથાએમ.વી.એ.ક.૧૭૭,૧૮૪અન્વયેના ગુનાનાકામે નિદોર્ષઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામા આવે છે.

૨. ક્રી. પ્રો. કોડ માં તાજેતરમાં દાખલ કરાયેલ કલમ ૪૩૭ (એ) (૧) મુજબ,સંભવીત અપીલ/રીવીઝનના હેતુ માટે, ફરમાવવામાં આવે ત્યારે ઉચ્ચ અદાલતમાં હાજર થવા માટે, આરોપીએ રુપિયા

૧૦,૦૦૦/–(અંકે રુપિયા દશ હજાર પુરાના) જામીન તથા તેટલી જરકમના જાતમુચરકા છ માસના સમયગાળા માટે રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫મી, માહે જાન્યુઆરી સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સાણંદ

(ડી.પી.ઓઝા)

તા.૨૫/૧/૨૦૧૮

યુ.આઈ.સી.નં. જીજે૦૧૧૧૦
એડી. સીવીલ જજ, સાણંદ

( એસ.ટી. શ્રીમાળી)
પી.એ.